For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરતમાં BPCL-HPCLની ડિલિવરી મોડું થતાં પેટ્રોલ અછતની અફવાને પગલે લોકો દોડ્યાં

# ગેસ પછી હવે પેટ્રોલ માટે લાઈનો લાગી

**કલેક્ટરને** રજૂઆત બાદ શનિવારે નોંધાવેલા પેટ્રોલ ડીઝલની ડિલિવરી સોમવારે સાંજે મળી: સુરેશ દેસાઈ

**સ્ટોક** છતાં ડિલિવરી વિલંબથી ગ્રાહકોમાં ગભરાટ ફેલાયો: સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશન

સુરતઃસુરત શહેરમાં સોશિયલ મીડિયા પર ફેલાયેલી પેટ્રોલ-ડીઝલ અછતની અફવાએ સોમવારે ભારે હોબાળો મચાવ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી હતી. કારચાલકો ટાંકી ફૂલ કરવા માટે ઉમટી પડ્યા હતા, જ્યારે ટુ-વ્હીલર ચાલકો પણ ગભરાટમાં પેટ્રોલ ભરાવવા દોડી આવ્યા હતા.

માત્ર શહેરમાં જ નહીં પરંતુ જિલ્લામાં પણ પેટ્રોલ પંપો પર વાહનોની લાઈનો લાગી જતા ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિ કાબૂમાં રાખવા માટે શહેર પોલીસે પેટ્રોલ પંપો પાસે સ્પીકર દ્વારા લોકોને શાંતિ જાળવવા અને ગભરાટ ન કરવા અપીલ કરી હતી.

સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સુરતમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) દ્વારા સપ્લાય સમયસર મળી રહ્યો હતો, પરંતુ BPCL અને HPCL તરફથી ડિલિવરી મોડું થતા અછતની

...અનુસંધાન પાના 13 પર



(તસવીર : સતીષ જાદવ)

### દક્ષિણ ગુજરાતમાં શું છે સ્થિતિ

- બારડોલીમાં પેટ્રોલ પંપ પર વાહનોની કતારો લાગતાં ટ્રાફિક જામ
- નવસારી શહેરમાં પેટ્રોલ પંપ પર ભીડથી પોલીસે દોડવું પડ્યું
- પાસોદરા પાટિયા પાસે પેટ્રોલની ટાંકી ફુલ કરાવવા ધસારો
- ઉમરપાડા-માંગરોળમાં પેટ્રોલ પંપો પર વાહનોનો જમાવડો
- ભરૂચમાં પેટ્રોલ પંપો પર ધસારો થતાં સંચાલકોએ અપીલ કરવી પડી, અફવાઓથી દૂર રહેજો

## 1990-91ના 'ગુજરાતમિત્ર'નાં પાના અને આજની સ્થિતિ!


ગુજરાતમિત્ર
પેટ્રોલિયમ પેદાશોનો વપરાશ ઘટાડવા સરકારનાં કડક પગલાં
દર રવિવારે પેટ્રોલ પંપો ફરજિયાત બંધ
પેટ્રોલિયમ પેદાશોમાં કાપ મૂકવામાં આવશે
વાયવ્ય ઈરાનમાં ભિષણ ભૂકંપ :

■ **22 જૂન 1990ના 'ગુજરાતમિત્ર'ની હેડલાઈન:** આજે દુનિયામાં પેટ્રોલિયમ પેદાશોનો વપરાશ ઘટાડવાનાં પગલાંની વાતો થઈ રહી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
સાવા નજીક લકઝરી રોકી રૂા. ૫૬ હજારની મતાની લૂંટ
શહેરના પેટ્રોલ પંપો પર અભૂતપૂર્વ ધસારો

■ **24 જૂન 1990નું 'ગુજરાતમિત્ર':** રવિવારે પેટ્રોલ પંપો બંધ રાખવાના આદેશથી શહેરના પેટ્રોલ પંપો પર અભૂતપૂર્વ ધસારો.


ગુજરાતમિત્ર
રામમંદિરના બાંધકામનો આગામી ૩૦મી ઓક્ટોબરથી થનારો આરંભ
પેટ્રોલિયમ પેદાશોના વેચાણમાં નોંધાયો વીસ ટકાનો વધારો

■ **24 જૂન 1990:** વપરાશ ઘટાડવાનાં પગલાં છતાં પેટ્રોલિયમ પેદાશોના વેચાણમાં 20%નો વધારો


ગુજરાતમિત્ર
અખાતમાં ટી.વી. યુગના યુદ્ધ-ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મનો આરંભ

■ **18 જાન્યુઆરી 1991નું 'ગુજરાતમિત્ર':** કુવૈતને ઈરાકના કબજામાંથી છોડાવવા અમેરિકાની આગેવાનીમાં ઈરાક પર હુમલો.


ગુજરાતમિત્ર
ચાર હપ્તે ૪૭ ટન સોનું રીઝર્વ બેંકે વિદેશમાં મોકલી આપ્યું!

■ **9 જુલાઈ 1991:** ભારતે 47 ટન સોનું ઈંગ્લેન્ડ મોકલ્યું.

**બે યુદ્ધ,** બે જુદી સદી અને ભારતનું ઈંધણ સંકટ

આજે ગુજરાતના પેટ્રોલ પંપો પર જે વાહનોની લાંબી કતારો દેખાય છે, તે જોઈને અનુભવી આંખોને 35 વર્ષ જૂનું એ દ્રશ્ય યાદ આવી જાય છે જ્યારે ભારત 'દેવાળિયું' થવાની અણી પર હતું. આજની 'Gen Z' પેઢી માટે આ કદાચ માત્ર એક લાંબી લાઈન હોઈ શકે, પણ 1991માં આ જ લાઈનો ખાડી યુદ્ધની સાથે સાથે ભારતની આર્થિક લાચારીનું પ્રતીક પણ હતી.

» **1991 (કુવૈત જંગ):** "ખાડીમાં યુદ્ધના નગારાઃ ભારતમાં તેલના રેશનિંગની તૈયારી, રવિવારે પંપો બંધ રહેશે"

» **2026 (ઈરાન જંગ):** "હોર્મુઝની સામુદ્રધુની બ્લોક થવાની ભીતિઃ ગુજરાતના પંપો પર વાહનોની લાંબી કતારો"

**1990-91: જ્યારે ગીરો હતું સોનું અને ગળામાં હતો ટૂંપો**

ખાડી યુદ્ધના ડાકલા વાગી રહ્યા હતા તે વખતે 1990માં જ ભારતે આયાત બિલ ઘટાડવા માટે પેટ્રોલનું રેશનિંગ શરૂ કર્યું. ભારત પાસે વિદેશી તેલ ખરીદવા માટે માત્ર 15 દિવસ ચાલે તેટલું જ વિદેશી હૂંડિયામણ બચ્યું હતું. લોન મેળવવા માટે ભારતે પોતાનું 47 ટન ચોખ્ખું સોનું લંડન મોકલવું પડ્યું હતું. એ દિવસોમાં ગુજરાતમિત્રમાં હેડલાઈન હતીઃ "ચાર હપ્તે 47 ટન સોનું આરબીઆઈએ વિદેશ મોકલ્યું".

વપરાશ ઘટાડવા માટે દર રવિવારે દેશભરમાં પેટ્રોલ પંપો બંધ રાખવાનો આદેશ અપાયો. જો કે થયું ઊલટું. વપરાશ ઘટવાને બદલે શનિવારે પેટ્રોલ પંપો પર લાઈનો લાગી. થોડા

...અનુસંધાન પાના 13 પર

### બપોરે 3.30 પછી પેટ્રોલ પંપો પર લાઇનો લાગી

અમદાવાદમાં પેટ્રોલ પંપો પર લાગેલી લાંબી કતારોના વીડિયો અને એહવાલો રજૂ થયા પછી સુરતમાં પેનિકની સ્થિતિ ઊભી થઈ હતી.લોકો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કોવીડ કાળની ઇમરજન્સીને વર્તમાન ખાડી યુદ્ધની સ્થિતિ સાથે સાંકળી સંસદમાં આવેલું વક્તવ્ય ખોટી રીતે ફેરવી વધુ ભય ઊભો કર્યો હતો.બપોરે 3.30 પછી પેટ્રોલ પંપો પર લાઇનો લાગી. સાંજ સુધીમાં તો શહેરના વરાછા રોડ,કતારગામ,સેન્ટ્રલ ઝોન,અઠવા,ઉધના,લિંબાયત ઝોન વિસ્તારમાં વાહનોની પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો લાગી હતી.કટોકટ સ્થિતિને જોતા ઘણા પેટ્રોલ પંપ રાતે 8 વાગ્યે બંધ થઈ ગયા હતા.

### હીરાબાગમાં અરાજકતા જેવી સ્થિતિ

હીરાબાગ વિસ્તારમાં આવેલા HP પેટ્રોલ પંપ પર સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. લોકો અડધાથી એક કલાક સુધી લાઈનમાં ઉભા રહીને પેટ્રોલ ભરાવતા હતા. સપ્લાય બંધ થઈ જશે તેવી અફવાએ લોકોમાં ગભરાટ ફેલાવ્યો હતો. હીરાબાગ વિસ્તારમાં પેટ્રોલ પૂરું થઈ જવાની

...અનુસંધાન પાના 13 પર

### પેટ્રોલ, ડીઝલની અછત નહીં, કારણ ક્રેડિટનો મુદ્દો

અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ જણાવ્યું હતું કે પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી. ડિસ્ટ્રીબ્યુટર અને કંપની વચ્ચેના ક્રેડિટ મુદ્દાને કારણે ગેરસમજ ફેલાઈ છે. લોકો અફવાઓથી દૂર રહી શાંતિ જાળવે તેવી અપીલ કરવામાં આવી છે.

### કાપોદ્રામાં પોલીસ બોલાવવી પડી

કાપોદ્રા વિસ્તારમાં આવેલા જિઓ પેટ્રોલ પંપ પર ભીડ વધતા પરિસ્થિતિ કાબૂમાં રાખવા પોલીસ બોલાવવી પડી હતી. સંચાલકોએ અને પોલીસએ લાઉડસ્પીકર દ્વારા સ્ટોક પૂરતો હોવાની માહિતી આપી લોકોને શાંતિ રાખવા અપીલ કરી હતી.કાપોદ્રા વિસ્તારમાં આવેલા જિઓના પેટ્રોલ પંપ પર સ્થિતિ

...અનુસંધાન પાના 13 પર

## ચીટર પ્રદીપે નકલી નોટ છાપવા ખાસ સોફ્ટવેર તૈયાર કરાવ્યું હતું

**ચલણી** નોટ છાપવામાં કથિત યોગગુરૂ પ્રદીપનો સાગરીત મુખ્ય સૂત્રધાર મુકેશ ઠુમ્મર ટેલિગ્રામ એપ્લિકેશનના આધારે લોકોના સંપર્કમાં રહેતો હતો



અમદાવાદ: નકલી ચલણી નોટ છાપીને ગુજરાતના બજારોમાં ફરતી કરનાર યોગગુરૂના નામે ચરી ખાતા પ્રદીપની ગેંગની હાલમાં રિમાન્ડ દરમિયાન ચાલી રહેલી પુછપરછમાં નકલી નોટ છાપવા માટે એક ખાસ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું હોવાનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચના જણાવ્યા પ્રમાણે, આ સોફ્ટવેરનો ઉપયોગ ચલની નોટોમાં સિરિયલ નંબર ગોઠવવા માટે થતો હતો. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મુકેશ ઠુમ્મર

...અનુસંધાન પાના 13 પર


આઠમી માસિક શ્રધ્ધાંજલિ



સ્વ. શાંતિલાલ રતનજીભાઈ પટેલ
સ્વ. તા. ૨૪/૦૭/૨૦૨૫
નથી હયાત તમે પણ સાથે હોવ એવું લાગ્યા કરે છે,
હર પળ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
કયારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ૐ શાંતિ
લિ.
ગં.સ્વ. કુસુમબેન શાંતિલાલ પટેલ (પત્ની)
તરૂણ શાંતિલાલ પટેલ (પુત્ર) નિશા તરૂણ પટેલ (પુત્રવધુ)
અનંત શાંતિલાલ પટેલ (પુત્ર) નેહા અનંત પટેલ (પુત્રવધુ)
કિરણકુમાર ડાહ્યાભાઈ પટેલ (જમાઈ) ડો. રોશની કિરણ પટેલ (પુત્રી)
આશ્વી, રેહાન, હિવા, જીઆના, મિહાન

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. જીજ્ઞેશ પ્રવિણચંદ્ર દેસાઈ
સ્વ. તા.૨૪/૦૩/૨૦૨૩
દુનિયામાં તમો નથી પણ હૃદયમાં તમારુ અસ્તિત્વ છે, ઘરમાં તમો નથી પણ રોમ રોમમાં તમારું અસ્તિત્વ છે, તમો હયાત નથી પણ તમારી યાદોનું અસ્તિતત્વ છે. ધરતી પર નથી પણ પ્રભુનાં ચરણોમાં તમારું અસ્તિત્વ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લિ.
મહેન્દ્રભાઈ છોટુભાઈ દેસાઈ (મોટાકાકા) દમયંતીબેન મહેન્દ્રભાઈ દેસાઈ
પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ (પિતા) અરૂણાબેન પ્રવિણચંદ્ર દેસાઈ
પ્રકાશ મહેન્દ્રભાઈ દેસાઈ (ભાઈ) હેમાક્ષીબેન પ્રકાશભાઈ દેસાઈ
ધર્મેશ પ્રવિણચંદ્ર દેસાઈ (ભાઈ) હિના ધર્મેશભાઈ દેસાઈ
પ્રાપ્તી - સાંચી - રૂદ્ર - સ્વ. છોટુભાઈ ઝિણાભાઈ દેસાઈ પરિવાર (કરમલા)
નિવાસસ્થાન : ૪૫, નારાયણ નગર સોસાયટી, અલથાણ, સુરત.

35મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. હિંમતસિંહ લક્ષ્મણસિંહ પરમાર
સ્વ. તા. ૨૪-૩-૧૯૯૧
રામનવમી
પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય,
મસ્તક ઝુકેને તમને વંદન થઈ જાય,
યાદ કરીએ તમને અને આંખો ભીની થઈ જાય,
અમે એવી નજર ક્યાંથી લાવીએ કે
તમને યાદ કરીએ ને તમારા દર્શન થઈ જાય,
પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
મનિષકુમાર હરેન્દ્રસિંહ પરમાર
તથા સમસ્ત પરિવાર

અમદાવાદી અડાલજા મોઢવણિક દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની/ અમારા માતૃશ્રી અ.સૌ. પ્રિતીબેન જયેશભાઇ પટેલ તા. ૨૨/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્‌ગતની અંતિમયાત્રા : તા. ૨૪/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે અમારા નિવાસસ્થાન ૧૦૨/બી, નહેરુનગર સોસાયટી, ઉમરા રોડથી નીકળી રામનાથઘેલા સ્મશાન ભૂમિ, ઉમરા, સુરત ખાતે જશે.
સદ્‌ગતનું બેસણું : તા. ૨૮/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન ઉમંગ હોલ, નહેરુનગર સોસાયટી, ઉમરા, સુરત ખાતે રાખેલ છે.
સ્વ. અ.સૌ. પ્રિતીબેન જયેશભાઇ પટેલ
સ્વ. તા. ૨૨/૦૩/૨૦૨૬
એડવોકેટ શ્રી જયેશભાઈ મુનિકુમાર પટેલ (પતિ)
પ્રિયંક જયેશભાઈ પટેલ (પુત્ર)
રીચા પ્રિયંક પટેલ (પુત્રવધુ)
વૈષ્ણવી જયેશ પટેલ (પુત્રી)
વીરીકા પ્રિયંક પટેલ (પૌત્રી)
તથા સમસ્ત પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. ભારતી પ્રવીણ સરાધીઆ
જન્મ તા.૧૫/૦૭/૧૯૫૪ સ્વ.તાઃ૨૪/૦૩/૨૦૨૦
કયારે નથી હોતી તું અમારી આંખોમાં?
દૂર થી યે મલકે છે મધુર તું, અમારા સપનાં માં ....
દરેક ક્ષણો પણ સ્મરણ થઈ આવી રહી છે,
અમારા શ્વાસમાં યે મહેંક તારી હોય છે.
સંસ્કાર અને શ્રદ્ધાની તેં પાડેલ પગદંડી પર અજવાસ ફેલાવી
જીવનના રંગ સુગંધને માણવાની પ્રભુ અમને શક્તિ આપે એ જ
તારી છઠ્ઠી પુણ્યતિથિએ અમારી શ્રદ્ધાંજલિ....
:: લિ. ::
પ્રવીણ સરાધીઆ
ડૉ. સાકેત સરાધીઆ ડૉ. છાયા સરાધીઆ
વિવક્ષા જરીવાલા જયેશ જરીવાલા
જશાંક – તત્ત્વ
અને સરાધીઆ પરિવાર

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. તારાબેન મુળજીસિંહ ઠાકોર
સ્વ. તારીખ ૨૪/૦૩/૨૦૨૫
હે પુણ્યાત્મા શ્રધ્ધા-સ્નેહનાં પુષ્પથી અમારા વંદન, સ્નેહાળરૂપે છત્રછાયા બની સદૈવ વાત્સલ્ય અમી વર્ષા વરસાવતા આપના યશસ્વી જીવનની સ્નેહસ્મૃતિઓ, સુસ્મરણો અમારી મહામૂલી મૂડી છે, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
રણજીતસિંહ મુળજીસિંહ ઠાકોર(પુત્ર)
અર્જુનસિંહ મુળજીસિંહ ઠાકોર(પુત્ર)
હઠેસિંહ મુળજીસિંહ ઠાકોર(પુત્ર)
પ્રભાતસિંહ મુળજીસિંહ ઠાકોર(પુત્ર)
ગેમલસિંહ મુળજીસિંહ ઠાકોર(પુત્ર)એડવોકેટ
વર્ષાબેન કનકસિંહ પરમાર (પુત્રી)
કનકસિંહ દોલતસિંહ પરમાર (જમાઈ)
નિવાસસ્થાન : બલકસ, તા. ઓલપાડ, જી. સુરત.

ચરોતરીયા, લેઉવા પાટીદાર અવસાન



સ્વ. મધુબેન બાલુભાઈ પટેલ
જન્મ તા. ૧૦/૦૯/૧૯૪૦ સ્વ. તા. ૨૨/૦૩/૨૦૨૬
જીવન એવું જીવી ગયા કે સૌ ના દિલમાં વસી ગયા
આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શીરૂપે અમારી સાથે રહેશે...
શોકસભા સંયુક્ત બેસણું
તા. ૨૫/૦૩/૨૦૨૬ - બુધવાર - સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
પટેલ ફળીયુ, ભરથાણ(વેસુ)-સુરત
બાલુભાઈ કાનજીભાઈ પટેલ(પતિ)
પિયર પક્ષ
સ્વ. ભુલાભાઈ મોરારભાઈ
બાબુભાઈ મોરારભાઈ
ધર્મેશભાઈ ભુલાભાઈ
ગામ – કોલાસણા
દક્ષાબેન કાંન્તિલાલ (પુત્રી)
સુધાબેન નરેશભાઈ (પુત્રી)
રિટાબેન મહેશભાઈ (પુત્રી)
આશાબેન રાકેશભાઈ (પુત્રી)
કેતુબેન કૌશિકભાઈ (પુત્રી)
ભાણેજ
કેનિ, રાખી, ધવલ, ધૃતિ, ધારા, દિક્ષીતા, ચિરાગ, આકાશ, ભાવિક, નિખીલ, અંજલી, જય, સાગર